રેખા શ્રોફ

વર્ષા અડાલજા

સરૂપ ધ્રુવ

ઇલા આરબ મહેતા

જયા મહેતા

સુહાસ ઓઝા

કલકત્તાની આપણી ફૂલગુલાબી સાહિત્યસફરની યાદમાં

**તમને સૌને સસ્નેહ અર્પણ**

ઘર છોડ્યાને મને બરાબર બાવીસ દિવસ સત્તર કલાક પચીસ મિનિટ અને તેર – ના, ચૌદ – ના, પંદર સેકંડ થઈ. મને લાગે છે કે આ સેકંડની વાત જવા દઈએ, કારણ કે એક વાક્ય પૂરું કરતાં પહેલાં બે-ત્રણ સેકંડ વધી જાય છે. ટૂંકમાં, મેં ઘર છોડ્યું તે વાતને લગભગ બાવીસ-તેવીસ દિવસ થઈ ગયા.

મને લાગે છે કે હવે મારે ઘેર પાછા જવું જોઈએ. એક કારણ તો એ કે મેં આખા ઘરનાં કપડાં લૉન્ડ્રીમાં ધોવા નાખ્યાં હતાં તેની રસીદ મારા ગજવામાં જ રહી ગઈ છે અને મને ખાતરી છે કે પપ્પાનાં પોણા ભાગનાં કપડાં જો લૉન્ડ્રીમાં જ કાયમ ખાતે રહી જાય તો એમને થોડી મુસીબત તો પડે જ. પપ્પા જ્યાં કામ કરે છે તે કપૂર મૂસાભાઈ ઍન્ડ રંગનાથન કંપનીમાં પગાર ભલે મોડો-વહેલો મળતો હોય, પણ ત્યાં કામ કરનાર એકેક જણે દરરોજ ધોયેલાં અને ઇસ્ત્રીવાળાં કડકાકડક કપડાં જ પહેરવાં જોઈએ એવો એ લોકોનો ઝનૂની આગ્રહ હોય છે. એ લોકો જે પગાર આપે છે તે જોતાં એમના કર્મચારીઓને પૂરાં કપડાં પહેરવાનું જ માંડમાંડ પોસાય એમ છે એ વાત એ લોકો ભૂલી જાય છે.

ભૂલે! એ લોકો કંપનીના માલિક છે, જે યાદ રાખવું હોય તે યાદ રાખે અને જે ભૂલવું હોય તે ભૂલે... આજકાલ નોકરી ક્યાં મળે છે? એટલે મારા પપ્પા સુધ્ધાં – કપૂર મૂસાભાઈ ઍન્ડ રંગનાથન કંપનીના બધા માણસો ઑફિસમાં કામ ભલે કરે કે ના કરે, કપડાં તા કડકાકડક પહેરીને જ જાય છે. મારા પપ્પા એમનાં પોણા ભાગનાં કપડાં ગાયબ થઈ જવાથી હેરાનપરેશાન નહીં થયા હોય? દુષ્ટ લૉન્ડ્રીવાળો રસીદ વગર કપડાં પાછાં આપતો નથી એ અમારો અનુભવ છે... ના, ના, મને લાગે છે કે મારે ઘેર જવું જ જોઈએ.

એમ કરવાનું બીજું કારણ એ છે કે મને આ અન્નપૂર્ણા લૉજની રસોઈ માફક આવતી નથી. અહીંની રોટલીઓ ખાવા માટે માણસના મોંમાં દાંત અને જડબાંને બદલે મિની મિક્સર-ગ્રાઇન્ડર મુકાવવું પડે એમ છે. શાક શરમાળ હોય છે. મસાલેદાર પાણીના વાડકાને તળિયે એવું લપાઈને બેસી જાય છે કે હાથમાં આવે જ નહીં. એક વાડકા પાણીદીઠ શાકનાં બે કે ત્રણ ફોડવાં નાખવાનો આ લૉજનો રિવાજ છે અને કોઈ પણ શાક રસાવાળું એટલે કે પાણીના

મહાસાગરમાં તરતું બનાવી શકાય એવું એ લોકો માને છે. ભીંડા, કારેલાં કે કંટોળાંનો પણ અપવાદ રાખતા નથી.

ભાત પીરસવામાં એ લોકો ઉદાર છે. એક મૂઠી ભાત ઊંચેથી એવો તે ભભરાવે છે કે અડધી થાળી ઢંકાઈ જાય. ખાવા જાઓ ત્યારે દાણેદાણો મોંમાં ગોળગોળ ફર્યા જ કરે અને અંતે આખો ગળી જવો પડે એટલે કોઈની થાળીમાં ભાત કદી ખૂટતો નથી. જમવાનો સમય પૂરો થાય એટલે થોડોઘણો ભાત થાળીમાં પડતો મૂકીને જ ઊઠી જવું પડે છે.

રસોઈનું વૈવિધ્ય જોવા મળતું હોય તો તે દાળમાં. આ દાળ કોઈ પણ બે દિવસ એકસરખી જોવા – ના, ચાખવા મળતી નથી. એક દિવસ એમાં ગજબનાક તીખાશ હોય છે તો બીજે દિવસે મીઠું ગાયબ! ત્રીજે દિવસે એમાં ચારગણું મીઠું હોય છે તો ચોથે દિવસે એ દાંત અંબાઈ જાય એટલી બધી ખાટી બનાવવામાં આવે છે અને પ્રાયશ્ચિત્ત તરીકે પાંચમે દિવસે એ એટલી મીઠી હોય છે કે દૂધપાકની ગરજ સારે! ક્યારેક આ દાળ પાણીથી પણ પાતળી હોય છે તો ક્યારેક એ જાડી બનાવવાના ઉત્સાહમાં મહારાજ એને દઝાડી દે છે અને ત્યારે તે દિવસે એનો સ્વાદ સાવ ભળતો જ લાગે છે... પણ ઠીક છે. આ અસાર સંસારમાં, અન્નપૂર્ણા લૉજની એકવિધતામાં આ દાળ ઉત્સુકતાનો એક રંગ તો ઉમેરે છે! પણ આ જાતના આશ્રય પર માણસ ક્યાં લગી ટકી શકે? મને લાગે છે કે મારે જેમ બને તેમ જલદી મમ્મીની રસોઈ ભેગા થઈ જવું જેઈએ.

વળી દિવસ તો જેમતેમ નીકળી જાય, સાંજે બહુ વસમું લાગે છે. ન કોઈ વઢનાર, ન ધમકાવનાર, ન રિસાનાર, ન કોઈ ખડખડાટ હસનાર... માણસ ટીવી જોઈજોઈને કેટલું જુએ?

અને હા – પાછી ઝૂકી તો પરણી જવાની છે! ઝૂકી એટલે કરિશ્મા સોમેશ્વર ત્રિવેદી, જેને લીધે મેં બાવીસ દિવસ પહેલાં ગૃહત્યાગ કર્યો હતો... મમ્મીએ એનાં બેતાળાંનાં ચશ્માં બાજુએ મૂકીને મારી સામે જોયું હતું. એની એ નજરમાં એક હજાર પ્રશ્નો સમાયા હતા. મેં મારી મેળે નીચું જોઈને ચા પીધે રાખી. આખરે મમ્મીએ પૂછ્યું, 'મધુ! સોમેશ્વરભાઈની છોકરીને તું ઓળખે છે?'

મારે કોઈ અમર પ્રેમીને શોભે એવો જવાબ આપવો જોઈતો હતો – 'મમ્મી! કરિશ્મા મારું જીવન છે, મારી જાને-જિગર છે, આંખોનું નૂર અને શ્વાસની ધડકન છે...'